

## મોડાસાના રાણાસૈયદ પાસે ટ્રક અને બાઈક અથડાતા એકનું મોત

મોડાસા-ધનસુરા રોડ પર આવેલ રાણાસૈયદ ગામ નજીકના વળાંક પર ભર બપોરે ટ્રક નં. આર.જે. ૨૭.જીએ-૫૩૨૭ તથા બાઈક નં. જીજે-૯-એએલ-૬૪૭૮ ટકરાતા ટ્રકચાલકની બેદરકારીના લીધે પ્રશાંત જયંતિભાઈ પટેલનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ ઘટના બનતા મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. જેથી ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. બારોટ ઘટનાસ્થળે પહોંચતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આખરે ભારે ભીડ એકઠી થતા ઉચ્ચ અધિકારી આવી પહોંચતા મામલો થાળે પડ્યો હતો. આ સંદર્ભે મોડાસા ટાઉનહોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાં જ્ઞાન પિપાસુઓ માટે નવતર પ્રયોગ

હિંમતનગર, તા.૬

સામાન્ય રીતે છેલ્લા ઘણા વખતથી કોમ્પ્યુટર યુગનો ઉદય થવાની સાથે જ અનેક લોકો સાહિત્ય વાંચવાની પળોજણમાંથી મુકત થઈને જરૂર પુરતું વાંચન કોમ્પ્યુટર મારફતે કરવા ટેવાઈ ગયા છે. જેના કારણે વર્ષોથી અપ્રાપ્ત માહિતીઓ ચોપડીઓમાં જ રહી જવા પામી છે ત્યારે માતૃભાષા અભિયાન અંતર્ગત હિંમતનગરમાં જ્ઞાન પિપાસુઓ માટે પુસ્તક પરબનો સૌ પ્રથમવાર નવતર પ્રયોગ શરૂ કરાયો છે. જેના ભાગરૂપે રવિવારે ટાવર ચોક પાસે ફકત દોઢ કલાક માટે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નવતર પ્રયોગ અંગે પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામના ભરતભાઈ કે. પટેલ, માતૃભાષા અભિયાનના કાર્યવાહક રાજેન્દ્રભાઈ પટેલ અને મનીષભાઈ પાઠકના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૩માં અમદાવાદ ખાતે પુસ્તક પરબનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં જનતાના અભૂતપૂર્વ પ્રતિસાદને કારણે આ પુસ્તક પરબને બળ મળ્યું છે. માતૃભાષા અભિયાન અંતર્ગત આ પરબ દર મહિને એકવાર મળે છે જેમાં અત્યાર સુધીમાં ૩ હજારથી વધુ પુસ્તકોની આપ લે થઈ છે. આ પુસ્તક પરબમાં પુસ્તક વાંચવા લઈ જનાર પાસેથી કોઈ ટોકન ફી લેવામાં આવતી નથી. રવિવારે હિંમતનગરના ટાવર ચોક ખાતે યોજાયેલ પુસ્તક પરબને પણ હિંમતનગરની જ્ઞાન પિપાસુ પ્રજાએ આવકારી કેટલાક પુસ્તકોની ભેટ આપી હતી તેમજ કેટલાક વાંચન ભૂખ્યા શિક્ષિતોએ પોતાની રસરૂચિ મુજબ પુસ્તક વાંચવા માટે લીધા હતા. દર મહિને એક વખત યોજાતી આ પુસ્તક પરબનું આગામી સમયમાં સાબરકાંઠા જિલ્લામાં વિસ્તાર કરવાનું નક્કી કરાયું છે. આ નવતર પ્રયોગનો આશય જ્ઞાન પિપાસુઓના જ્ઞાનના ભંડારને છલકાવી દેવાનો છે.



મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બને તે સંકલ્પ સાથે ગાંધીનગરથી દિલ્હી જવા રવાના થયેલા ગાંધીનગરના પદયાત્રીકો પ્રાંતિજ ખાતે પહોંચ્યા હતા. જેઓનું પ્રાંતિજ ભાજપ કાર્યકરો દ્વારા ફૂલહાર પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## રેલવે તંત્ર દ્વારા ઊંઝા રેલવે સ્ટેશનને ઉનાવા તરફ ખસેડવાના નિર્ણય સામે સ્થાનિકોમાં રોષ

ઊંઝા, તા.૬

ઊંઝા ખાતે હાલના રેલવે સ્ટેશનને બંધ કરીને દોઢેક કિ.મી. દૂર ઉનાવા તરફ ખસેડવાના રેલવેતંત્રના નિર્ણય સામે સ્થાનિક ધારાસભ્ય અને વેપારી મંડળે વિરોધ વ્યકત કરી આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. બીજી તરફ ઊંઝાના પૂર્વ અને દક્ષિણ તરફના ઉનાવા સહિતના કેટલાક ગામડાઓની જતાએ રેલવે સ્ટેશન ખસેડવાના રેલવેના વરિષ્ઠ સત્તાધીશોના નિર્ણયને સહર્ષ આવકારી સૂચિત જગ્યાએ જ નવીન રેલવે સ્ટેશન બનાવવાની લાગણી અને માગણી કરી છે.

ઊંઝા નજીકનું ઉનાવા ગામ સુપ્રસિધ્ધ યાત્રાસ્થળ છે. અહીં દેશ વિદેશમાંથી યાત્રિકોની રોજીંદા અવર જવર થાય છે. અત્રે દરગાહમાં દૂરથી આવતા બહારના યાત્રાળુઓ મુખ્યત્વે રેલવે ટ્રેનોનો ઉપયોગ કરે છે. જેઓ ઊંઝા રેલવે સ્ટેશનેથી ઉતરીને ઓટો રીક્ષા, બસો મારફતે ઉનાવા જતા આવતા હોય છે. વધુમાં ઉનાવા ગામની વસતિ અંદાજે વીસ હજાર આસપાસ છે.

ઉનાવા નજીકના સુરપુરા, રૂવાવી, પળી, કંથરાવી, બોકરવાડા, નવાપુરા વિગેરે ગામોના લોકોને ઊંઝાનું વર્તમાન રેલવે સ્ટેશન ઉનાવા તરફ ખસેડાતાં ફાયદો થાય તેમ છે. જેથી આ ગામોની મોટાભાગની જનતા રેલવે સ્ટેશનને ખસેડવાના નિર્ણયને આવકારી રેલવે તંત્ર દ્વારા સૂચિત થતી નવિન જગ્યાએ જ નવીન રેલવે સ્ટેશન બનાવાય તેવું ઈચ્છી રહી છે.

## એરંડા રોકો જાગૃતિ અભિયાનની કિસાન યાત્રા

લક્ષ્મીપુરા, તા. ૬

ભારતીય કિસાન સંઘની ગુજરાત પ્રદેશ પાંખ દ્વારા હાલ એરંડા રોકો જાગૃતિ અભિયાન ચલાવાઈ રહ્યું છે. જે અંતર્ગત તા. ૮મી ફેબ્રુઆરીએ દામાવાસ કંપાથી એક કિસાનયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કિસાન યાત્રામાં મોટી સંખ્યામાં ખેડૂતોને શામેલ થવા હાંકલ કરવામાં આવી છે. ભારતીય માતાના સપૂત કિસાન ભાઈઓએ આઝાદી પછી હરિયાળી અને શ્વેતક્રાંતિમાં પોતાનો પરસેવો પાડી મબલખ ધાન્યના ભંડાર ભારતમાતાને ચરણે ધર્યા છે પરંતુ આજે પણ પોષણક્ષમ ભાવો પ્રાપ્ત ન બનતાં કિસાનોએ આત્મહત્યા કરવાના વારા આવ્યા છે. મલ્ટી નેશનલ કંપનીઓના કારનામા અને ષડયંત્રોની જાણકારી આપવાના હેતુથી જિલ્લા સ્થાનો પર કિસાન યાત્રાનું આયોજન કરી જાહેર સભાઓ દ્વારા ખેડૂતોને જાગૃત કરાઈ રહ્યા છે.

## દલપુરમાં દારૂના દૈત્યને નાથવા મહિલા શક્તિનું પ્રદર્શન

હિંમતનગર, તા. ૬

પ્રાંતિજ તાલુકાના દલપુર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાને કારણે યુવાધન તેની લતે ચઢી જતાં તેમનું જીવન અંધકારમય બનાવી રહ્યું છે. દરમિયાન થોડા સમય અગાઉ દારૂની લતે ચઢી ગયેલા એક યુવાનનું મોત થતાં તેનો પરિવાર નિઃસહાય બની ગયો છે. સતત ધમધમતા દારૂના અડ્ડાને કારણે દલપુરની મહિલાઓ, યુવાનો અને ગ્રામજનોએ ભેગા મળી સોમવારે બેનરો અને સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢી હતી.

આ અંગેની વિગત એવી છે કે સિરામીક ઝોન ગણાતા દલપુર, સેજીપુર અને કાટવાડ પાટીયા વિસ્તારમાં પરપ્રાંતીય શ્રમિકો વધુ પ્રમાણમાં વસવાટ કરતા હોવાને કારણે તેઓ અવારનવાર વિદેશી દારૂનું સેવન કરવા ટેવાયેલા હોવાથી આ વિસ્તારમાં કેટલાક અડ્ડા શરૂ થઈ ગયા છે. જ્યાં સ્થાનિક યુવાનો પણ અન્યના સંપર્કમાં આવી દારૂની લતે ચઢી ગયા છે. જેના કારણે તેઓ અન્ય કામ ધંધા છોડીને સવાર થતાંની સાથે જ આવા દારૂના અડ્ડાઓ પર પહોંચી જાય છે. ત્યારબાદ નશો કરીને ઘરે આવી પરિવારજનોને પરેશાન કરતા હોવાની પણ ઘટનાઓ બનવા બામી છે. જેના કારણે દલપુર ગામે તો મહિલાઓ એટલી હદે ત્રાસી ગઈ છે કે જો દારૂના અડ્ડાઓ બંધ નહિ થાય તો તેમના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ મુકાઈ જશે. જેથી આખરે કંટાળી સોમવારે દલપુર ગામના કંકુબેન અરજણજી મકવાણા, રમીલાબેન, પ્રહલાદજી મકવાણા, શિલ્પાબેન જગાજી સોલંકી, જીતાબેન બાલાજી રાઠોડ, અમરતબેન બાલાજી ચૌહાણ સહિતની ગામની મહિલાઓએ આખરે કંટાળી સોમવારે ગામના તમામ મહોલ્લાઓમાં સૂત્રોચ્ચાર સાથે દારૂના અડ્ડાઓ બંધ કરાવવામાં નહિ આવે તો મહિલાઓ જાતે આવા અડ્ડાઓ પર જઈ દારૂ વેચનારાઓને નારી શક્તિનો પરચો બતાવી દેશે. છેલ્લા ઘણા વર્ષોથી દલપુર અને આસપાસના વિસ્તારોમાં ચાલતા દારૂના અડ્ડાઓને કારણે અનેક લોકો કમોતે મર્યા છે. એકલા દલપુર ગામમાં જ દારૂના દૈત્યએ ગામની ૪૦ મહિલાઓના કપાળમાંથી સેથાનું સિંદુર અને અમર ચાંદલો ભૂસી નાખ્યો છે. ઉપરાંત દલપુર ગામના અમરજી, અજમલજી, દિલુસિંહ, ટીનાજી જેવા અનેક યુવાનોના અતિશય દારૂ પીવાને કારણે મોત નિપજ્યા હતા.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા તાલુકામાં ટીસર્વ ફેરમાપણી પ્રોજેક્ટ અંતર્ગત ડીસા તાલુકાના તલાટીઓની બેઠક યોજાઈ હતી. જેમાં તલાટી જે.એમ.જોષી, ડી.કે.ગૌસ્વામી, એલ.એમ.શર્મા સહિત તલાટી ક્રમમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## એસિડ પી જતા પોગલુની યુવતીનું સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામની એક યુવતીએ બુધવારે અગમ્ય કારણોસર એસિડ પી લેતા તેણીને સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાઈ હતી. જ્યાં તેણીનું ગુરૂવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે પ્રાંતિજ પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે પોગલુ ગામે રહેતા નિકીતાબેન નટવરભાઈ વણકરે બુધવારે અગમ્ય કારણોસર પોતાના ઘરે એસિડ પી લીધો હતો. જેથી તેણીની તબિયત લથડતા સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણીનું ગુરૂવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે ડૉ. પી.પી. પાંડેએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

## ઉમરેઠ મામલતદાર કચેરીના કોમ્પ્યુટરમાંથી તાલુકાના અસંખ્ય ખેડૂત ખાતેદારોના ખાતા ડીલીટ થઈ જતાં ઉહાપોહ

### ખેડૂત આગેવાનો ઉપવાસ આંદોલન કરવાના મૂડમાં : ૭/૧૨ અને ૮-અની જરૂરીયાત પડતી હોઈ અનેક સમસ્યાઓનો સામનો કરતા ખેડૂતો : ભૂલો કચેરીવાળા કરે અને પુરાવા ખેડૂતોને આપવા પડે તે કયાનો ન્યાય ? કરણસિંહ મહીડા ખેડૂત આગેવાન

ઉમરેઠ તા. ૬

ઉમરેઠ સ્થિત મામલતદાર કચેરીમાં ઈ-ધરા વિભાગમાં ખેડૂતોના ખાતા કોમ્પ્યુટરમાંથી ડીલીટ થવાના વધી રહેલા બનાવોથી તાલુકાના ખેડૂતો પરેશાન થઈ ઉઠ્યા છે. આ કારણે તેઓને ફરીથી તલાટી પાસે જઈ શસ્ત લેખિત રેકર્ડ લઈ મામલતદાર સમક્ષ રજુ કરી ઠરાઈ કરવાની ઝંઝટ તેમજ જુના ખાતાઓના કિસ્સામાં છેક ગાંધીનગર સુધી લાંબા થવાની ફરજ પડતી હોવાના બનાવોને લઈ ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.આ અંગે ઈ-ધારાના નાયબ મામલતદારે પણ કોમ્પ્યુટર સોફટવેર આવા પ્રોમ્બેમ કરતુ હોવાનું સ્વીકારતા ખંડૂતોની ફરીઆદને પુષ્ટિ મળી છે. આવા સંજોગોમાં સરકાર ખેડૂતોના હિતમાં અન્ય વિકલ્પ શોધે તેવી ધરતી પુત્રો માંગ કરી રહયા છે.

આ અંગે ઉમરેઠ તાલુકાના ખેડૂત આગેવાન કરણસિંહ મહીડાએ માહીતી આપતા જણાવ્યુ હતુ કે સરકારે કોમ્પ્યુટર સીસ્ટમ અમલમાં મૂકી સગવડના બદલે અગવડતા શરૂ કરી છે. ખેડૂતોને પાક ધિરાણ કે અન્ય જરૂરી કામો માટે ૭/૧૨ અને ૭ અની નકલની વારંવાર જરૂર પડતી હોય છે. તેવા સંજોગોમાં આ નકલ લેવા ઉમરેઠ શહેર સ્થિત મામલતદાર કચેરીમાં લાઈનોમાં ઉભા રહી લાંબા ઈન્તજાર પછી ખેડૂતોનો વારો આવે ત્યારે કહેવામાં આવે છે કે તમારૂ ખાતુ ડીઈીટ થઈ ગયુ છે. આથી પરેશાન થઈ ઉઠેલા ખેડૂતને પરત તલાટી પાસે જઈ હસ્ત લેખિત રેકર્ડ લઈ ફરીથી મામલતદાર સમક્ષ હાજર થવુ પડે છે. બીજી તરફ તલાટીઓની અછતના કારણે એકથી વધુ ગામોનો કાર્યભાર સંભાળતા તલાટી સમયસર મળતા ન હોવાથી ખેડૂતોને ભારે નુકશાની ભોગવવી પડે છે. આવા સમયે અભણ તેમજ મહીલા ખાતેદારોની માઠી દશા થાય છે. અને મામલતદાર કચેરીમાં જામી પડેલા લેભાગુ દલાલોનો શીકાર બની જાય છે. આ બાબતે વધુ સ્પષ્ટતા કરતા મહીડાએ કહ્યુ કે સરકાર આ બાબતે ત્વરીત ઉકેલ નહી લાવે તો અમારે ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. આમ સર્જાઈ રહેલ લોકસભાની ચૂંટણીના મોહોલમાં ખેડૂતો ધ્વારા નવાજૂની થવાના એંધાણ વર્તાઈ રહયા છે.

## ડીસામાં પાઈપ લીકેજ બાબતે ઠપકો આપતા ત્રણ ઈસમોનો હુમલો

ડીસા, તા. ૬

ડીસા શહેરમાં રત્નનગર સોસાયટી ખાતે પાણીની પાઈપ લાઈન લિકેજ થવાના મામલે સર્જાયેલ તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ત્રણ ઈસમોએ એકને ઢીલી નાખતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરમાં આવેલી રત્નાગર સોસાયટીમાં પુજાભાઈ દેવાભાઈ માળીનું મકાન આવેલું છે. તેમની ઘર સામે પાણીની પાઈપ લીકેજ થતી હોવાથી સામેવાળાઓને કહેવા જતા મામલે ભંગ બન્યો હતો અને ઉશ્કેરાયેલા ગરીધર દિનેશભાઈ માળી, નિતેશભાઈ ગીરધરભાઈ માળી અને દિનેશભાઈ માળીએ પુજાભાઈ માળી પર હિંચકારો હુમલો કરી લોહી લુહાણ કરી દીધા હતા. આ ઝઘડાની જાણ થતાં જ દોડી આવેલા પરિવારજનોએ વચ્ચે પડી તેમને છોડાવ્યા હતા. પરંતુ આરોપીઓ પુજાભાઈ માળીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે તેમણે ત્રણેય ઈસમો સામે ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાબરકાંઠા જિલ્લા તકેદારી કચેરી દ્વારા ભિલોડામાં પૂર્વ પરીક્ષા તાલીમ વર્ગોનું આયોજન

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લા તકેદારી કચેરી દ્વારા આગામી ૧૦મી ફેબ્રુઆરીના રોજ સરકારી નોકરીઓ માટે પૂર્વ પરીક્ષા તાલીમ વર્ગોનું વિના મૂલ્યે શરૂ થનાર છે.

ઈચ્છા ધરાવતા ૧૮ થી ૨૮ વર્ષ અને વધુમાં ૩૩ વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતા નોકરી ઈચ્છુક ભાગ લઈ શકશે. જેઓની અરજીઓ તા. ૮મી ફેબ્રુઆરી ૨૦૧૪ શનિવાર સુધીમાં આચાર્ય, આદર્શ નિવાસી શાળા ભિલોડા (કુમાર) ગોવિંદનગર, આઈ.ટી.ની બાજુમાં ભિલોડા ખાતે સ્વીકારવામાં આવશે.

ફોર્મ સાથે સમક્ષ અધિકારીનો જાતિ અને આવકનો દાખલો, ધોરણ-૧૨ પાસ કર્યા અંગેના પુરાવા, બે પાસપોર્ટ સાઈઝના ફોટો સાથે જોડવાના રહેશે ઉપરાંત તાલીમ વર્ગમાં ૭૦ ટકા હાજર રહેનાર વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ મળશે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ખંભાતના વેપારીને ઢોર માર મારના પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા માંગ

ખંભાતમાં જવેલર્સના વેપારીને ઈન્કમ ટેક્ષની ચોરી બાબતે ઢોર માર મારનાર ડી.આઈ.આર. વિરૂધ્ધ શ્રી સરદાર પટેલ સેવાદળ ડીસા દ્વારા નાયબ કલેકટરને આવેદન પત્ર પાઠવાયું હતું. શ્રી સરાદર પટેલ સેવાદળ ડીસાના કાર્યકરોએ જણાવ્યું હતુ કે રાજ નેતાઓ દ્વારા કરોડો રૂપિયાના કૌભાંડો, ટેક્ષ ચોરી કરાય છે. છતાં તેમને વાળ વાંકો થતો નથી ત્યારે ખંભાતના વેપારીને ડી.આર.આઈ.ના અધિકારીઓએ ઢોર માર મારી માનવ અધિકારોનો ભંગ કર્યો છે. એટલે આવા અધિકારીઓને સસ્પેન્ડ કરી તેમની વિરૂધ્ધ ખાતાકીય પગલાં ભરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વધુમાં જો આ અધિકારીઓ સામે કાર્યવાહી નહી કરવામાં આવે તો ગુજરાતના પાટીદારો અમદાવાદ કલેક્ટર કચેરીને ઘેરી જબલ આંદોલન સાથે આવેદન પત્ર પાઠવશે.

## ઝેરી દવા પી જતા રંગનાથપુરાના યુવાનનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૬

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રંગનાથપુરા ગામના એક યુવાને મંગળવારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જેથી તેની તબિયત લથડતા સારવાર માટે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં તેનું બુધવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. આ અંગેની વિગત એવી છે કે રંગનાથપુરા ગામે રહેતા દશરથસિંહ ભૂપતસિંહ મકવાણા (ઉં.વ.૨૫)એ મંગળવારે અગમ્ય કારણઓસર ઝએરી દવા પી લીધી હતી. જેથી તેની તબિયત લથડતા પરિવારજનો દ્વારા તેને સારવાર માટે હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં લવાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન બુધવારે મોત નિપજ્યું હતું. જે અંગે હોસ્પિટલના ડૉ. કે.કે. પટેલે ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વાવ ખાતે છ કરોડના ખર્ચે કોર્ટનું બિલ્ડીંગ બનશે

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લાના સરહદી વાવ તાલુકામાં છેલ્લા એક વર્ષથી વિકાસના કામોની વણથંભી વણઝાર ચાલી રહી છે. નવું આઈ.ટી.આઈ.નું મકાન, નવું બસસ્ટેશન જેવી નવી નવી ઈમારતોનું સર્જન થઈ રહ્યું છે. તાજેતરમાં ૨૬મી જાન્યુઆરીએ જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક દિન સમારોહ વાવ ખાતે યોજાયો તે પૂર્વે સમગ્ર તાલુકો વિકાસના કામોના ખાતમૂહુર્ત અને પૂર્ણ થયેલા કામોના લોકાર્પણના કાર્યક્રમોથી ધમધમી ઉઠ્યો.

વિકાસની આ વણથંભી વણઝારને આગળ ધપાવતાં વાવ તાલુકાને ૬,૧૮,૧૦,૦૦૦/ (છ કરોડ અઢાલ લાખ દસ હજાર)ના ખર્ચે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે ગુજરાત સરકારના કાયદા વિભાગે વહીવટી મંજુરી આપતાં વાવમાં અદ્યતન સગવડો ધરાવતું કોર્ટ બિલ્ડીંગ ઉભું થશે.

આઝાદીના ૬૫ વર્ષે પણ વિકાસ કામોથી વંચિત વાવ તાલુકાને નિતનવા વિકાસના કામો મળતાં તાલુકાની પ્રજામાં આનંદની લાગણી છવાઈ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન